# વાપી મહાનગરપાલિકા - વાપી

## તા-વાપી, જી-વલસાડ

## **<u>સ્થાયી સમિતિ</u>**

જા.નં. વાપી મનપા/સેક્રે./વશી/૩૩/૨૦૨૬-૨૭ તા.૧૯/૧૦/૨૦૨૬

પ્રતિ,

.............................................

સભ્યશ્રી(તમામ), સ્થાયી સમિતિ

વાપી મહાનગરપાલિકા

<u>વિષય:- મહાનગરપાલિકા વાપીની સ્થાયી સમિતિની બેઠક બોલાવવા બાબત</u>

સવિનય જણાવવાનુ કે વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મિટિંગ તા. ૨૨/૧૦/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સમિતિના ચેરમેનશ્રીના અધ્યક્ષપણા હેઠળ વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના બીજા માળે સભાખંડમાં નીચેના કામોના નિકાલ માટે મળશે. જેમાં આપે સમયસર હાજર રહેવા વિનંતી.

**અ.નં. કામનું નામ**

1. વાપી મહાનગરપાલિકાની તા.૧૫/૧૦/૨૦૨૬ના રોજની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.
2. યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાને લીઝ કરાર માટે આપેલ ઓફર લેટરમાં સુધારો કરવા બાબત.
3. વાપી મહાનગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના વિવિધ કામોની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારીથી ૭૦:૨૦:૧૦ હેઠળના કામોની અરજદારશ્રીની અરજીઓ મંજુર કરી સરકારશ્રીમાં દરખાસ્ત મંજુર કરવા બાબત.
4. વાપી મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં રોડ સેફ્ટીના ભાગ રૂપે વિવિધ માર્ગો ઉપર Rumble Streep Marking તથા Road Marking કરાવવા બાબત.
5. વાપી મહાનગરપાલિકાના સ્વભંડોળના ખાતામાં નાણા ટ્રાન્સફર કરવા બાબત.
6. સેક્રેટરી વિભાગમાં વહીવટી સુગમતા અર્થે આઉટસોર્સિંગ મારફતે ૨-કલાર્ક અને ૨- પ્યુનની ભરતી કરવા બાબત.
7. વાપી મહાનગરપાલિકાના વ્યવસાય વેરા (Professional Tax) સ્વભંડોળમાંથી ખાતામાં ટ્રન્સફર કરવા બાબત.
8. કાયમી વર્ગ-૪ના સંવર્ગમાં આવતા નિયમિત કર્મચારીઓ તથા રોજિંદા કર્મચારીઓને દર વર્ષે હિસાબી વર્ષ તથા દિવાળી એડહોક બોનસ ચૂકવવાની વહીવટી અને નાણાંકીય મંજુરી મેળવવા બાબત.
9. ગ્રાહક સુરક્ષા કોર્ટમાં વાપી મહાનગરપાલિકાના તરફેણમાં એડવોકેટ તરીકે શ્રી હિતેષ એસ.દેસાઈને નિમણુક બાબત.

10. EPFO હેઠળ કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) ની મહત્તમ વેતન મર્યાદા રૂ.૧૫,૦૦૦/- થી વધારી રૂ.૨૫,૦૦૦/- થયેલ હોય વાપી મહાનગરપાલિકાના કરાર આધારિત અને રોજીંદા કર્મચારીઓને EPFની કપાત કરવા બાબત.

11. વાપી મહાનગરપાલિકા ફાયર વિભાગમાં જરૂરી માનવબળની કરાર આધારિત ભરતી કરવા બાબત.

12. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ આલોક ચાર રસ્તાથી જી.એસ.ટી. ભવનને જોડતો રોડ બનાવવાનું કામની સમયમર્યાદા વધારવા બાબત.

13. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ આલોક ચાર રસ્તાથી વેલસ્પન કંપની સુધી આર.સી.સી. સ્ટ્રોમ વોટર ડ્રેઈન બનાવવાનું કામની સમયમર્યાદા વધારવા બાબત.

14. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ (૧) મોરાઈ મુખ્ય માર્ગ થી મોરાઈ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સુધી રસ્તા (૨) વટાર પી.એચ.સી. થી વિલે ફ્લોરા સુધીનો રોડ વાઈડનીંગ કરી સ્ટ્રોમ વોટર ડ્રેઈન સહિત રોડ બનાવવાનું કામ (૩) વટાર મુખ્ય માર્ગ થી કલવર્ટ તરફ જતો ( સૂર્ય રેસીડેન્સી) સુધી, વટાર કલવર્ટ થી સૂર્ય રેસીડેન્સી થી દમણ રોડ તરફ જતો રોડ, વટાર કલવર્ટ થી કુંતા વડોલી તરફ જતો રોડ, વેલસ્પન કોલોની થી વટાર દમણ રોડ તરફ જતો રોડ બનાવવાનું કામ. (૪) બલીઠા આર.યુ.બી. થી બલીઠા રેલ્વે ફાટક સુધીનો રોડ (૫) મોર્ડન સ્કુલ મુખ્ય માર્ગ (૬) સુલપડ ઢોડિયાવાડ થી ચણોદ મુખ્ય માર્ગને જોડતો રોડ (૭) સલવાવ ઢોડિયાવાડ અને ધનાવાડી વિસ્તારના આંતરિક રોડ બનાવવાનું કામની સમયમર્યાદા વધારવા બાબત.

15. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) મુકતાનંદ માર્ગથી કસ્ટમ રોડને જોડતો કેનાલને લાગુ રોડ (૨) દમણ રોડ ચીકુવાડીથી મુકતાનંદ માર્ગને જોડતો રોડ બનાવવાનું કામની સમયમર્યાદા વધારવા બાબત.

16. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ કુંતા કલારિયા તરફ જતો રોડ સાઈટ ડેવલપમેંન્ટ કરવાના કામની સમયમર્યાદા વધારવા બાબત.

17. વાપી મહાનગરપાલિકાના ચલા મેઈન રોડ પર આવેલ વાસુ પૂજ્ય પાસે માસ્ટીક લગાવવા બાબત.

18. **Supply, Installation, Testing and Commissioning of Electro Mechanical Works of Pumping Machinery with Associated Mechanical and Electrical Equipments, Instruments and Accessories etc. for different head works of Vapi Municipal Corporation Area. Tender ID : 174728** ના કામની સમયમર્યાદા વધારી આપવા બાબત.

19. વાપી મહાનગરપાલિકા સંચાલિત ચલા ખાતે આવેલ સ્વિમિંગ પૂલના સંચાલનનું (ઓપરેશન અને મેઈટેન્શન) ટેન્ડર મંજૂર કરવા બાબત.

20. વાપી મહાનગરપાલિકા હસ્તકના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના સંચાલનનું (ઓપરેશન અને મેઈટેન્શન) ટેન્ડર મંજૂર કરવા બાબત.

21. વાપી મહાનગરપાલિકાના વિવિધ વિસ્તાર તેમજ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ નવા ગામોમાં હાયમસ્ટ પોલ લાઇટ સહિત સપ્લાય ઈન્સ્ટોલેશન ટેસ્ટિંગ અને કમિશિંગ કરવાના કામમાં વધારાની તથા એક્સ્ટ્રા આઈટમની કામગીરી કરવા બાબત.

22. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ (૧) કબ્રસ્તાન રોડ થી ચોંકી ફળિયા સુધીનો માર્ગ, (૨) જુના વલસાડ રોડ નુતનનગર થી અતુલ સોસાયટી સુધી માર્ગ, (૩) ચણોદ સનસીટી થી ફિલ્ટર પ્લાન્ટ

સુધીનો માર્ગ, (૪) ચણોદ ડુંગી ફળિયામાં આંતરિક માર્ગ પર, (૫) સુલપડ ધોળિયાવાડ થી ચણોદ મુખ્ય માર્ગ ને જોડતો માર્ગ, (૬) છીરી માહ્યાવંશી ફળિયા વિસ્તાર માર્ગ, (૭) છીરી કંચનનગર વિસ્તારમાં, (૮) બલીઠા દાંડીવાડ ચોંકી ફળિયા થી બલીઠા ફાટક સુધીના માર્ગ ઉપર નવી **LED** સ્ટ્રીટ લાઈટ લગાવવાના કામમાં વધારાની કામગીરી કરવા બાબત.

23. કન્સ્ટ્રક્શન ઓફ આર.ઓ.બી. એટ જી.આઈ.ડી.સી. બીટવિન રેલ્વે પોલ નં. ૧૭૦/૨૭ ટુ ૧૭૦/૩૦ બીટવિન સ્ટેશન વાપી એન્ડ ભીલાડના કામની રિવાઇઝડ વહીવટી મંજૂરીની દરખાસ્ત કરવા બાબત.

24. વાપી મહાનગરપાલિકાના સેનીટેશન વિભાગના કર્મચારીશ્રી કિશોરભાઈ નાનુભાઈ સોલંકીને નિવૃતિ સમયે ગ્રેજ્યુઇટી, હક રજાનો પગાર, પ્રોવિન્ટ ફંડની રકમ ચુકવવા બાબત.

25. વાપી મહાનગરપાલિકાના વિવિધ વિભાગના થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.

26. ચેરમેન સ્થાનેથી રજુ થતા કામો બાબત

(સતીષભાઈ ગંગારામ પટેલ)
ચેરમેન,સ્થાયી સમિતિ
વાપી મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના:-

૧) મેયરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું
૨) ડે.મેયરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું
૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું
૪) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારું